ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૭૬/૧૮–૧૯/ 1808 તારીખ : 15 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી જાખણીયા જગદીશભાઈ શીવાભાઈ,
ભુતનાથ ચોક, હવેલી પાસે,
મસાણી શેરી, મુ. ચુડા,
જી.સુરેન્દ્રનગર–૩૬૩ ૪૧૦.

કેસ નં.૧૭૬/૧૮–૧૯

**વિષય : ખેતીવાડી એલ.ટી. વીજજોડાણ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૨/૦૨/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૬/૧૮–૧૯/૮૦૦ તા.૨૮/૦૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૬/૧૮–૧૯/૯૮૭ તા.૧૨/૦૩/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૬/૧૮–૧૯/૧૨૦૫ તા.૨૯/૦૩/૨૦૧૯.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૬/૧૮–૧૯/૧૫૬૭ તા.૨૫/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૫/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

15/5/19

~~(એમ. બી. સોલંકી)~~
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૭૬/૧૮–૧૯</u> ☜

વાદી :– શ્રી જાખણીયા જગદીશભાઈ શીવાભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૦૮.૦૫.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી જાખણીયા જગદીશભાઈ શીવાભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એસ. આર. ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જાખણીયા જગદીશભાઈ શીવાભાઈ, મુ.ચુડા, જી.સુરેન્દ્રનગર ની ખેતીવાડી એલ.ટી. વીજજોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૭૬/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૭૬/૧૮–૧૯/૮૦૦ તા.૨૮.૦૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૬.૦૩.૨૦૧૯, તા.૦૯.૦૪.૨૦૧૯ અને તા.૦૮.૦૫.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી પ્રથમ બે મુદતમાં ગેરહાજર રહેલ ત્યારબાદ, તા.૦૮.૦૫.૨૦૧૯ ના રોજ વાદી શ્રી જાખણીયા જગદીશભાઈ શીવાભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ. આર. ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ ચુડા પીજીવીસીએલ સબ ડીવીઝનમાં મારી વાડી જે ઝીઝાવદર ના માર્ગે (છતરીયાળા નો મારગ) આવેલી છે, જેનો સર્વે નં.૧૧૩૨/૧/૧ છે. જયાં કુવામાંથી પાણીની સિંચાઈના હેતુથી નવું કનેકશનની માંગણી કરેલ.

૧.૨ જે અમારા ક્રમ પ્રમાણે જવાબદાર અધિકારી દવારા મંજુર કરેલ. મને મળેલ એગ્રીમેન્ટની વિગત પ્રમાણે નીચેની રકમ ચુડા પીજીવીસીએલ સબ ડીવીઝનમાં જમા કરાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

→ ગ્રાહક નંબર – એસ.આર.૮૦૮૦૧૩૭ તા.૨૦.૧૦.૨૦૧૮

| | |
|---|---|
| ૧) સર્વિસ કને. એસ્ટીમેટ ચાર્જ<br>રસીદ નં.XB૯૦૨૮૭૫ | રૂ.૬૫૦૦/– |
| ૨) ડીપોઝીટ ફોર એગ્રીમેન્ટસ<br>રસીદ નં.XB૯૦૨૮૭૬ | રૂ.૧૦૦/– |
| ૩) સર્વિસ ડીપો. પેયેબલ એલ.ટી. કને.<br>રસીદ નં.XB૯૦૨૮૭૭ | રૂ.૮૩૫/– |
| ૪) SGST ચાર્જ<br>રસીદ નં.XB૯૦૨૮૭૮ | રૂ.૫૮૫/– |
| ૫) CGST ચાર્જ<br>રસીદ નં.XB૯૦૨૮૭૯ | રૂ.૫૮૫/– |
| ૬) SGST ચાર્જ<br>રસીદ નં.XB૯૦૨૮૮૦ | રૂ.૯/– |
| ૭) CGST ચાર્જ<br>રસીદ નં.XB૯૦૨૮૮૧ | રૂ.૯/– |

૧.૩ કુલ રૂ.૮૬૨૩/– તા.૨૦.૧૦.૨૦૧૮ ના રોજ પીજીવીસીએલ ચુડા સબ ડીવીઝનમાં ચુકવેલ છે. ઉપરની રકમ જમા કર્યા બાદ ફોન પર સુચના આપેલ કે તમે જી.ઈ.બી.(પીજીવીસીએલ) ઓફીસથી તમારા થાંભલા લઈ જાવ. મે ટ્રેકટર ભાડે કરી, પૈસા ચુકવી સ્વખર્ચે થાંભલા મારી વાડીએ પહોંચાડેલ છે. આ બાબતે મને યોગ્ય ખુલાસો કરજો કે ખેડુતની જવાબદારીમાં આવે છે કે પીજીવીસીએલ નિગમની જવાબદારીમાં ?

૧.૪ ઉપરોકત ભુમીકા બાદ આપ સાહેબશ્રીને મારો પ્રશ્ન રજુ કરૂ છું કે મારૂ આ કનેકશનનો સર્વે કરવા જયારે એન્જીનીયર સાહેબ આવેલ ત્યારે તેઓએ અમારા કુવા પાસેથી પાંચ ફૂટ અંતરેથી પસાર થતી એલ.ટી. લાઈમાંથી કનેકશનનો સર્વે અમોએ કરાવેલ તથા જવાબદાર અધિકારીએ ત્યાંથી જ કનેકશનનો સર્વે કરી, યોગ્ય કાગળ કરેલ. એગ્રીમેન્ટ ફી ભરવાના પંદર દિવસ સુધી કોઈ ખબર ન આવતાં હું રૂબરૂ પીજીવીસીએલની ઓફીસે ગયેલ, તેઓએ મને "તમારો વારો આવશે ત્યારે કનેકશન આવી જશે" એવું જણાવેલ. એક અઠવાડીયા પછી થાંભલા ખોડવાવાળા કોન્ટ્રાકટરના ફોન આવેલ જેઓને હું મારી વાડીએ લઈ ગયેલ ત્યાં સાથે આવેલ અધિકારી દવારા અહીથી તમને કનેકશન નહી મળે તેવું કહી બધા કર્મચારી પાછા વળી ગયેલ. પીજીવીસીએલ ચુડાની રૂબરૂ મુલાકાત લેતાં ત્યાંના મુખ્ય અધિકારી બહેનશ્રીએ જણાવેલ કે તમને અમે તે એલ.ટી. લાઈનમાંથી કનેકશન નહી આપી શકીએ. તમોને પંદર થાંભલા નાખી ત્યાંથી પસાર થતી લાઈનમાંથી કનેકશન આપવામાં આવશે, પરંતુ વચ્ચે આવતી વાડીઓ વાળા સ્પષ્ટપણે ના પાડે છે કે અમારી વાડીમાં થાંભલા નહી નાખવા દઈએ.

૧.૫ જયારે સર્વે થયો ત્યારે માત્ર પાંચ ફૂટ દુર પસાર થતી લાઈનથી કનેકશન આપવાની વીધી થયેલ જયારે હાલ અમોને ધકકા ખવડાવવામાં આવે છે. હું દર ત્રણ દિવસે રૂબરૂ તથા ફોન પર પીજીવીસીએલ જઉં છું, પણ કોઈ જવાબદારી પુર્વકનો જવાબ આપવામાં આવતો નથી. ચાર–ચાર મહીના પસાર થવા છતાં કોઈપણ પ્રકારના પગલાં પીજીવીસીએલ સબ ડીવીઝન, ચુડાના અધિકારી દવારા લેવામાં આવતા નથી.

..૩..

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૬ જો નાગરીક દવારા એક બીલ ભરવાની તારીખ ચુકવામાં અથવા એગ્રીમેન્ટની સમય ચુકવામાં આવતા આપની નિગમ દંડ ફટકારે છે. તો અમારે શું સમજવાનું ? પૈસા ભર્યાના ચાર–ચાર મહીના થયા હોવા છતાં કનેકશન આપવામાં આવતું નથી.

૧.૭ કનેકશન આપ્યા પહેલા બળજબરી પુર્વક અમારી પાસે ટેસ્ટ રીપોર્ટની ફી ભરાવવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છેઃ–તા.૦૧.૦૨.૨૦૧૯

| | |
|---|---|
| ૫ હો.પા. ટેસ્ટ રીપોર્ટ | રૂા.૫૦૦/– રસીદ આપેલ નથી. |
| ELLB રીપોર્ટ | રૂા.૨૦૦/– રસીદ આપેલ નથી. |
| નોટરી | રૂા.૨૦૦/– રસીદ આપેલ નથી. |
| ટેસ્ટ રીપોર્ટ ચાર્જ | રૂા.૨૦/– રસીદ નં.VG૧૪૫૦૪૭ |
| CGST | રૂા.૨/– રસીદ નં.VG૧૪૫૦૪૮ |
| SGST | રૂા.૨/– રસીદ નં.VG૧૪૫૦૪૯ |
| | રૂા.૯૨૪/– કુલ વસુલેલ રકમ |

૧.૮ ઉપર મુજબ જણાવેલ વિગત મુજબ આપશ્રીને જણાવીશે કે સરકાર કચેરીમાં કોઈપણ પ્રકારની રકમ વસુલવા બાબત રસીદ આપવામાં આવે છે પરંતુ મને જણાવેલ વિગતની રકમમાં અમુક રસીદ પણ આપેલ નથી. રસીદની માંગણી કરતા તેની રસીદ ન આવે તેમ જણાવેલ.

૧.૯ મારી આપશ્રીને નમ્ર અરજ છે કે મને મારૂ કનેકશન જલ્દી મળે તેવું કરશો તેમજ જયાંથી સર્વે થયેલ છે ત્યાંથી જ કનેકશન શા માટે ન મળે ? ઉપરાંત ચુડા પીજીવીસીએલ સબ ડીવીઝનમાં ચાલતી તાનાશાહી સામે યોગ્ય પગલાં લેશો. હાલ હું પીજીવીસીએલ ચુડાના ધકકા ખાઈ ખાઈને થાકી ગયો છું. કોઈ અધિકારી મારા પ્રશ્નને સાંભળતો નથી. યોગ્ય સલાહ સુચનની શું આશા ? મારી ફરીયાદનું નિવારણ આપશ્રી હકારાત્મક લાવશો તેવી આશા. મારી ફરીયાદ બાબતે જે પગલા લેવામાં આવે તેની મને જાણ કરશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીશ્રીની રજુઆત અન્વયે જણાવવાનું કે ચુડા ગામના શ્રી જાખણીયા જગદીશભાઈ શીવાભાઈ દવારા અત્રેના તાબા હેઠળની ચુડા પેટા વિભાગીય કચેરી ખાતે સર્વે નં.૧૧૩૨/૧/૧ માં નવીન થ્રી ફેઈઝ ખેતીવાડી વીજજોડાણ લેવા માટે તા.૨૧.૦૬.૨૦૧૬ ના રોજ નોંધણી કરાવવામાં આવેલ.

૨.૨ જેમાં નોંધણી સમયે રજુ કરવામાં ચતુર્દિશા નો દાખલો તેમજ અંદાજપત્ર ભરપાઈ કરતી વખતે રજુ કરવામાં આવે ચતુર્દિશાનો દાખલો અલગ માલુમ પડેલ છે.

૨.૩ જેથી અત્રેના તાબા હેઠળની ચુડા પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં.સીએસડી/ટેક/૩૪૭૧ તા.૧૯.૦૩.૧૯ થી ચાચો ચતુર્દિશા નો દાખલો સદર પત્ર મળ્યે દિવસ–૩ માં રજુ કરવા જણાવવામાં આવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૪ વધુમાં જણાવવાનું કે અત્રેના તાબા હેઠળની ચુડા પેટા વિભાગીય કચેરી દવારા તેઓના સદર કનેકશન ના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ ત્યારે અરજદારશ્રીના પ્રતિનીધી શ્રી એન. જે. જાખણીયા દવારા રજુ કરાયેલ ચતુર્દિશા અલગ જણાયેલ છે. શ્રી એન. જે. જાખણીયા ની હાજરીમાં થયેલ સર્વે મુજબ એચ.ટી. લાઈન ૪૦ મીટરના અંતરે છે, તેમજ સ્થળ પર કુવો હયાત છે.

૨.૫ જયારે તેઓની ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમની અરજીના અનુસંધાને સ્થળ તપાસ કરતાં સર્વે નં.૧૧૩૨/૧/૧ થી ૧૦ મીટરના અંતરે કોઈ એચ.ટી. લાઈન નથી, જે ૩૫૦ મીટરના અંતરે છે. તેમજ સ્થળ પર કુવો કે બોર નથી.

૨.૬ આમ, તેઓના કનેકશનના સર્વે રીપોર્ટ તેમજ તેઓના સદર સ્થળ ચકાસણી કરતા અલગ પરીસ્થિતી જોવા મળેલ છે. સદર બાબત જોતાં તેઓના પ્રતિનીધી દવારા સર્વે કરવા માટે આવેલ કર્મચારીને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

૨.૭ જેથી અરજદારશ્રીને સદર બાબતે અત્રેના તાબા હેઠળની ચુડા પેટા વિભાગીય કચેરી દવારા મોકલવામાં આવેલ પત્રમાં જણાવેલ છે કે પત્ર મળ્યે દિવસ–૩ માં ખુલાસો રજુ કરવો. જેથી નિયમાનુસાર આગળની યોગ્ય કાર્યવાહી થઈ શકે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વ ાદી અરજદાર જાખણીયા જગદીશભાઈ શીવાભાઈએ ગામ–ઝીઝાવદર ના માર્ગે સર્વે નં.૧૧૩૨/૧/૧ માં નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી તા.૨૧.૦૬.૨૦૧૬ ના રોજ નોંધણી કરાવેલ, તે સમયે વાદીએ ચતુર્દિશા નો નકશો રજુ કરેલ.

૩.૨ વાદીની રજુઆત મુજબ વાદીએ તા.૨૧.૧૦.૧૮ ના રોજ તેઓને આપવામાં આવેલ અંદાજપત્ર રૂા.૮૬૨૩/– પ્રતિવાદીની ચુડા ઓફીસમાં ભરેલ છે.

૩.૩ ત્યારબાદ પ્રતિવાદીએ વાદી પાસેથી ફરીથી ચતુર્દિશાનો નકશો મંગાવેલ.

૩.૪ પ્રતિવાદીની રજુઆત મુજબ સર્વે કરતાં સમયે વાદી દવારા રજુ કરાયેલ ચતુર્દિશા અલગ જણાયેલ પરંતુ વાદીની રજુઆત મુજબ પ્રતિવાદીનાં પ્રતિનીધીએ જે તે સમયે એલ.ટી. લાઈનમાંથી વીજજોડાણ આપવા માટેનો સર્વે કરેલ, જે મુજબ ૪૦ મીટરનું અંતર બતાવેલ.

૩.૫ હવે પ્રતિવાદી જણાવે છે કે વાદીનાં સર્વે નં.૧૧૩૨/૧/૧ થી ૩૫૦ મીટરનાં અંતરે એચ.ટી. લાઈન છે તેમજ સ્થળ પર કુવો કે બોર નથી. પરંતુ વાદીએ આજરોજ રજુ કરેલ ૭/૧૨ ના ઉતારા મુજબ જે કુવા પર કનેકશન માંગેલ છે તે સંયુકત માલિકીનો છે, જેનો ઉલ્લેખ તેના ૭/૧૨ માં કરાયેલ છે અને તે સંયુકત કુવો બાજુના જે સર્વે નંબર પર આવેલ છે તેમાં પણ સંયુકત કુવો દર્શાવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૬ ખરેખર ફોરમને એવું જણાય છે કે વાદીએ સર્વે નં.૧૧૩૨/૧/૧ ની ચતુર્દિશા વીશે કે કુવા કે બોર વીશે ખરાઈ કરેલ નથી તેમજ પ્રતિવાદીએ વાદીને અંદાજપત્ર પણ આપી દીધેલ, જે વાદીએ તા.૨૧.૧૦.૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે પરંતુ અત્યાર સુધી પ્રતિવાદી દવારા કોઈ નિર્ણાયક કામગીરી કરવામાં આવેલ નથી.

૩.૭ ઉપરનાં તારણોના આધારે હુકમ કરવામાં આવે છે કે વાદીએ પ્રતિવાદીને દિવસ–૩ માં સર્વે નં.૧૧૩૨/૧/૧ તેમજ કુવાનો ચતુર્દિશાનાં આધાર રજુ કરવા અને તેના આધારે પ્રતિવાદીએ વાદીને વીજજોડાણ આપવા માટેની નિયમ મુજબ કાર્યવાહી દિવસ–૩૦ માં પુર્ણ કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૦૮.૦૫.૨૦૧૯

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar